

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 253
Dt.: 25-05-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


ભારત પણ એક્શન મોડમાં

# WHOએ ઈબોલા વાયરસને લઈને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી

## ભારતે પણ પરિસ્થિતિની ગંભીરતા જોતા કેટલાક આફ્રીકી દેશો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોરોના બાદ હવે વળી પાછો એક વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. દુનિયા પર ખતરનાક મહામારીનો ઓછાયો જોવા મળી રહ્યો છે. આફ્રીકાના કેટલાક દેશોમાં ઈબોલા વાયરસના વધતા કેસ જોતા વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. વૈશ્વિક સ્તરે વધતા જોખમને જોતા ભારત સરકાર પણ હવે એલર્ટ મોડ પર છે. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને યુગાન્ડામાં ઈબોલના કેસ ખુબ ઝડપથી વધી રહ્યા છે. જો કે ગંભીરતા જોતા WHOએ આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય નિયમો (IHR 2005) હેઠળ ૧૭ મે ૨૦૨૬ના રોજ તેને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. જ્યારે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ભારતીય નાગરિકો માટે એક જરૂરી ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી છે. આ સાથે જ આફ્રીકી સેન્ટર્સ ફોર ડિસીસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શને પણ ઈબોલા વાયરસ અંગે કડક ચેતવણી ઉચ્ચારી છે. આફ્રીકામાં ઈબોલાનો કહેર જોતા ભારતના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે દેશના નાગરિકોને સતર્ક રહેવા જણાવ્યું છે. સરકારે એડવાઈઝરી બહાર પાડીને નાગરિકોને સલાહ આપી છે કે તેઓ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા, અને દક્ષિણ સુડાનની યાત્રા કરવાનું ટાળે. સરકારે કહ્યું કે જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થઈ જાય ત્યાં સુધી આ દેશોમાં બિનજરૂરી મુસાફરી ટાળવી એ સમજદારી છે. ભારત સરકારે એવી પણ સલાહ આપી છે કે જે લોકો આ દેશોમાં રહે છે અથવા તો બહુ જરૂરી હોય અને ત્યાં મુસાફરી કરી રહ્યા છે તો તેઓ જરૂરી સ્વાસ્થ્ય ગાઈડલાઈન્સને ફોલો કરે. અત્રે જણાવવાનું કે આ સંકટની ઘડીમાં ભારત આફ્રીકાને પડખે છે. ભારત સરકારે આફ્રીકા સેન્ટર્સ ફોર ડિસિસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનને જરૂરી મેડિકલ સપ્લાય અને પ્રોટેક્ટિવ કિટ્સની પહેલી ખેપ રવાના કરી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું કે આ મદદ રાશિ અને ચિકિત્સા સામગ્રીનો હેતુ આફ્રીકી મહાદ્વીપને ઉભરી રહેલી ઈબોલા હેલ્થ ઈમરજન્સીથી પહોંચી વળવા માટે મજબૂતી આપવાનો છે. ભારત તરફથી મોકલવામાં આવેલી પહેલી ખેપમાં ડોક્ટરો અને ફ્રન્ટલાઈન વર્કર્સ માટે ખુબ જરૂરી ચિકિત્સા સામગ્રી મોકલવામાં આવી છે.

આ ખેપમાં દર્દીઓની સારવાર માટે અત્યંત જરૂરી અને ઈમરજન્સી દવાઓ સામેલ છે. આ ઉપરાંત ડોક્ટરો અને સ્વાસ્થ્ય કર્મીઓને વાયરસના સંક્રમણથી બચાવવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળી પીપીઈ કિટ્સ, માસ્ક અને અન્ય સુરક્ષા ઉપકરણો મોકલવામાં આવ્યા છે. આફ્રીકા સીડીસીએ કોંગો અને યુગાન્ડામાં ફેલાઈ રહેલા ઈબોલા વાયરસના




બુંડીબુગ્યો સ્ટ્રેનને મહાદ્વીપીય સુરક્ષાની જાહેર સ્વાસ્થ્ય કટોકટી (PHECS) જાહેર કરી છે. આ સ્ટ્રેનને ખુબ જ ચેપી અને ખતરનાક ગણવામાં આવ્યો છે.

ભારતને મળ્યો પોતાનો ઉસૈન બોલ્ટ!

# પંજાબના ગુરિન્દરવીર સિંહે ૪૮ કલાકમાં બે વાર તોડ્યો નેશનલ રેકોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી

રાંચીમાં આયોજિત ફેડરેશન કપ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન ભારતીય દોડવીરો (સ્પ્રિન્ટિંગ) વચ્ચે બે દિવસ સુધી એક ઐતિહાસિક મુકાબલો જોવા મળ્યો છે. પંજાબના સ્ટાર દોડવીર ગુરિન્દરવીર સિંહે પુરુષોની ૧૦૦ મીટર દોડની સ્પર્ધામાં બે વાર નેશનલ રેકોર્ડ પોતાના નામે કરીને નવો ઈતિહાસ રચી દીધો છે. શનિવારે ૨૩ મે, ૨૦૨૬ના રોજ યોજાયેલા ફાઈનલ મુકાબલામાં તેમણે માત્ર ૧૦.૦૯ સેકન્ડની શાનદાર દોડ લગાવીને ૧૦.૧૦ સેકન્ડની મર્યાદા પાર કરનારા પ્રથમ ભારતીય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ ઐતિહાસિક પ્રદર્શન સાથે તેમણે કોમનવેલ્થ ગેમ્સ (૧૦.૧૬ સેકન્ડ ક્વોલિફિકેશન માર્ક) અને એશિયન ગેમ્સ માટે પણ પોતાની ટિકિટ કન્ફર્મ કરી લીધી છે.




તાજેતરના વર્ષોમાં ભારતીય એથ્લેટિક્સમાં આવી રોમાંચક હરીફાઈ ક્યારેય જોવા મળી નથી. ફાઈનલ મેચના બરાબર ૨૪ કલાક પહેલા એટલે કે શુક્રવારે સેમિફાઈનલ દરમિયાન પણ ગુરિન્દરવીર અને ઓડિશાના દોડવીર અમિનેશ કુજુર વચ્ચે રાષ્ટ્રીય રેકોર્ડ તોડવાની અદ્ભુત રેસ જામી હતી. જોકે, શનિવારે રમાયેલી ફાઈનલમાં ગુરિન્દરવીરે બાજી મારીને અમિનેશ પાસેથી નેશનલ રેકોર્ડ પાછો છીનવી લીધો હતો. આ ફાઈનલ રેસમાં અમિનેશ કુજુર ૧૦.૨૦ સેકન્ડ સાથે બીજા ક્રમે અને પ્રણવ પ્રમોદ ૧૦.૨૯ સેકન્ડના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. નેશનલ રેકોર્ડને લઈને ચાલી રહેલી આ ઉથલપાથલ ૨૨ મેના રોજ સેમિફાઈનલ રાઉન્ડ દરમિયાન જ શરૂ થઈ ગઈ હતી. પ્રથમ સેમિફાઈનલ હીટમાં ગુરિન્દરવીર સિંહે ૧૦.૧૭ સેકન્ડનો સમય કાઢીને અમિનેશ કુજુરનો ૧૦.૧૮ સેકન્ડનો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. જોકે, પંજાબના આ દોડવીરની ખુશી માત્ર થોડી જ મિનિટો ટકી શકી હતી, કારણ કે તેના પછીની જ હીટમાં અમિનેશ કુજુરે ૧૦.૧૫ સેકન્ડમાં દોડ પૂરી કરીને ગુરિન્દરવીરનો રેકોર્ડ તોડીને ફરીથી ટાઈટલ પોતાના નામે કરી લીધું હતું. શુક્રવારની રેસમાં ઓડિશાના અમિનેશ કુજુરે કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કરી લીધું હતું, પરંતુ પંજાબના ગુરિન્દરવીર સિંહ માત્ર ૦.૦૧ સેકન્ડના ખૂબ જ નાના અંતરથી ચૂકી ગયા હતા. આ અધૂરી ઈચ્છા પૂરી કરવા માટે તેમણે શનિવારે ફાઈનલમાં જોરદાર વાપસી કરી. ગુરિન્દરવીરે મેદાન પર પોતાની ઝડપનો અદ્ભુત નમૂનો બતાવીને માત્ર ૧૦.૦૯ સેકન્ડમાં દોડ પૂરી કરી લીધી. આ સાથે જ તેઓ ૧૦.૧૦ સેકન્ડ કરતાં પણ ઓછા સમયમાં ૧૦૦ મીટરની રેસ પૂરી કરનારા ભારતના સૌથી પહેલા અને સવશ્રેષ્ઠ એથ્લીટ બની ગયા છે.

રાહુલ ગાંધીએ કેન્દ્ર અને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર તીખા પ્રહારો કર્યા

# સરકાર પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને સુરક્ષા બનાવી રાખવામાં નિષ્ફળ

## કોંગ્રેસ ત્યાં સુધી શાંત નહીં બેસે જ્યાં સુધી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, અને પરીક્ષાની પદ્ધતિને પારદર્શક અને સુરક્ષિત નહીં બનાવે : રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નીટ પેપર લીક મામલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર તીખા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યુ કે જ્યાં સુધી મજબૂત વ્યવસ્થા નહીં બને ત્યાં સુધી કોંગ્રેસનું આંદોલન ચાલુ રહેશે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર પ્રહારો કર્યા, અને કહ્યું કે કોંગ્રેસ ત્યાં સુધી શાંત નહીં બેસે જ્યાં સુધી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, અને પરીક્ષાની પદ્ધતિને પારદર્શક અને સુરક્ષિત નહીં બનાવે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હૈદરાબાદના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો એક વીડિયો શેર કર્યો છે. જેમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પેપરલીકને લઈને નારેબાજી કરીને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર સામે પણ વિદ્યાર્થીઓ નારેબાજી કરતા જોવા



મળી રહ્યા છે.

રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં કહ્યુ છે કે, લાખો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હોય, ૨૨ લાખ વિદ્યાર્થીનું ભવિષ્ય દાવ પર લાગ્યુ હોય અને વડાપ્રધાન ચૂપ રહે, તો એ વાત સ્પષ્ટ છે કે સરકાર જવાબ આપવાના બદલે બચાવ કરવામાં લાગી છે. તેમણે કહ્યુ છે કે, જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે અને નીટ જેવા પેપરલીકને રોકવામાં મજબૂત અને ફુલપ્રુફ વ્યવસ્થા લાગૂ નહીં કરે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ યથાવત રહેશે. મહત્વનું છે કે કોંગ્રેસ સતત નીટ-યુજી પરીક્ષા રદ્દ થવાને પગલે શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરી રહી છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને સુરક્ષા બનાવી રાખવામાં નિષ્ફળ નીવડી છે.

આ તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાહુલ ગાંધીને NDA સરકાર પાડવા વાળા નિવેદન પર પલટવાર કર્યો છે. નાગપુરમાં મીડિયા સાથે વાતચીત કરતા ફડણવીસે કહ્યું કે રાહુલ ગાંધીની વાતો માત્ર મુંગેરીલાલના હસીન સપના જેવી છે.

તેમણે કહ્યું કે રાહુલ ગાંધીનો દાવો છે કે મોદી સરકાર ૧ વર્ષની અંદર પડી જશે તે સંપૂર્ણ કાલ્પનિક અને દિવાસ્વપ્ન સમાન છે. મહત્વનું છે કે નાગપુરમાં ગોદામ લોજિસ્ટીક પાર્કના ઉદ્ઘાટન સમારોહમાં ફડણવીસ પહોંચ્યા હતા. જ્યાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પણ હાજર રહ્યા હતા. જ્યાં તેમણે કહ્યું કે મહારાષ્ટ્રની નવી લોજિસ્ટીક્સ નીતિના કારણે નાગપુર દેશનું મુખ્ય લોજિસ્ટીક હબ બનવા જઈ રહ્યુ છે.

મુખ્યમંત્રીએ એ પણ કહ્યુ કે આધુનિક લોજિસ્ટીક્સ પાર્ક બનવાથી ઉદ્યોગો પરનું ભારણ ઘટશે અને ભારતીય કંપનીઓ વૈશ્વિક સપ્લાય ચેનમાં અધિક પ્રતિસ્પર્ધી બનશે.

# શુભેન્દુ સરકારનો મોટો નિર્ણય: બાંગ્લાદેશી અને રોહિંગ્યાઓને ડિપોર્ટ કરવા માટે હોલ્ડિંગ સેન્ટર બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં સત્તા સંભાળ્યા બાદ શુભેન્દુ સરકારે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકો વિરૂદ્ધ એક મોટું અને મક્કમ પગલું ભર્યું છે. રાજ્યમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો, ખાસ કરીને બાંગ્લાદેશી અને રોહિંગ્યા પ્રવાસીઓને તેમના દેશ પાછા મોકલવાની તૈયારીઓ સરકારે શરૂ કરી દીધી છે. આ અંતર્ગત રાજ્ય સરકારે ખાસ હોલ્ડિંગ સેન્ટર બનાવવાનો આદેશ આપ્યો છે.

શુભેન્દુ સરકાર દ્વારા આ સંદર્ભે પશ્ચિમ બંગાળના તમામ જિલ્લાધિકારીઓ (DM) ને લેખિત નિર્દેશો અને ગાઈડલાઈન્સ જારી કરવામાં આવી છે.

તમામ જિલ્લાધિકારીઓને પોતાના વિસ્તારમાં આ હોલ્ડિંગ સેન્ટર્સ બનાવવા માટે યોગ્ય જગ્યાની ઓળખ કરવા કહેવાયું છે. આ પ્રક્રિયાને વહેલી તકે શરૂ કરવા માટેની કડક સૂચના અપાઈ છે.

વહીવટીતંત્રનું મુખ્ય ફોકસ ખાસ કરીને સરહદી જિલ્લાઓ અને એવા વિસ્તારો પર છે, જ્યાં ગેરકાયદેસર પ્રવાસીઓ છુપાયા હોવાની આશંકા વધુ છે.

આ હોલ્ડિંગ સેન્ટરો બનાવવાનો મુખ્ય હેતુ ગેરકાયદેસર રીતે રહેતા લોકો પર ચુસ્ત નજર રાખવાનો છે. રાજ્યના અલગ-અલગ ભાગોમાંથી પકડાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોને હવે સીધા જેલમાં રાખવાને બદલે આ સ્પેશિયલ હોલ્ડિંગ સેન્ટરોમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જ્યાં સુધી આ પકડાયેલા વિદેશી નાગરિકોની ઓળખની પુષ્ટિ ન થાય અને તેમને કાનૂની રીતે તેમના મૂળ દેશ પાછા મોકલવાની પ્રક્રિયા પૂરી ન થાય, ત્યાં સુધી તેમને આ જ સેન્ટરોમાં સુરક્ષિત રાખવામાં આવશે.

નોંધનીય છે કે, ભાજપે આ જ વર્ષે યોજાયેલી બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન રાજ્યમાંથી ગેરકાયદેસર પ્રવાસીઓને બહાર કાઢવાનું વચન આપ્યું હતું.ચૂંટણી રેલીઓ દરમિયાન દેશના ગૃહમંત્રી અમિત શાહે પોતાના સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "જે રીતે ભાજપે આસામમાં ઘૂસણખોરીને સંપૂર્ણપણે નાબૂદ કરી છે, તે જ રીતે પાર્ટી બંગાળમાં પણ ગેરકાયદેસર ઘૂસણખોરીનો સફાયો કરશે." હવે રાજ્યમાં ભાજપની સરકાર બન્યા બાદ, પાર્ટી પોતાના એ વચનને પૂરું કરવા માટે એક્શન મોડમાં આવી ગઈ છે.











## તંત્રી લેખ......

### શિક્ષણ અને પરીક્ષાઓ પ્રશ્નાર્થમાં

તાજેતરમાં, મેડિકલ કોલેજો માટેની પ્રવેશ પરીક્ષા, નીટ યુજી પરીક્ષા લીક થવાની માહિતી મળતાં, સરકારે તેને રદ કરવાનો અને તેને ફરીથી યોજવાનો નિર્ણય લીધો. આનાથી સ્વાભાવિક રીતે ૨.૨ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ નિરાશ થયા જેમણે પહેલાથી જ પરીક્ષા આપી હતી. તેમને ફરીથી તે જ પરીક્ષાની તૈયારી કરવાની ફરજ પડી હતી. સ્પર્ધાત્મક પરીક્ષા આપ્યા પછી, વિદ્યાર્થીઓ તણાવ વિના પરિણામની રાહ જુએ છે. આ વખતે, તેમની રાહ વધુ લાંબી થઈ ગઈ, પરંતુ તેમને ફરીથી પરીક્ષાની તૈયારી પણ કરવી પડી.

કોઈપણ વિદ્યાર્થી માટે તે જ ઉત્સાહ સાથે તે જ પરીક્ષા આપવી મુશ્કેલ છે જે તેમણે પહેલાથી આપી છે. નીટ પેપર લીક કેસમાં પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા, નેશનલ ટેસ્ટિંગ એજન્સી સામે ભારે ટીકા થઈ હતી, કારણ કે તેની તકેદારીના અભાવે આ પરીક્ષા લીક થઈ. તેમ છતાં, વિદ્યાર્થીઓના હિતોને જોખમ ન થાય તે માટે સમગ્ર પરીક્ષા રદ કરવાનો નિર્ણાયક નિર્ણય લેવામાં આવ્યો તે સારી વાત છે. જો આ પેપર લીકનો પર્દાફાશ ન થયો હોત અથવા અવગણવામાં ન આવ્યો હોત, તો લાખો વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો હોત.

આ કિસ્સામાં, પેપર તૈયાર કરનારા શિક્ષકોની સાથે, કેટલાક કોચિંગ સેન્ટરના માલિકો પણ કઠેડામાં છે. નીટ પેપર લીકની તપાસ કરી રહેલી સીબીઆઈને જાણવા મળ્યું કે પરીક્ષાના પેપર કેટલાક કોચિંગ સેન્ટરો સુધી પહોંચ્યા હતા, જેમણે પછી તેને દેશના વિવિધ ભાગોમાં વહેંચી દીધા હતા અને પૈસા કમાયા હતા. એવું લાગે છે કે કોચિંગ માફિયાએ શિક્ષણ અને પરીક્ષા બંને પર નિયંત્રણ મેળવી લીધું છે. એ નોંધવું જોઈએ કે કોચિંગ માફિયાએ અગાઉ ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કર્યા છે.

તાજેતરમાં, શિક્ષણ મંત્રાલયની સંસદીય સમિતિએ નીટ પેપર લીકના સંદર્ભમાં શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ, જેમાં શિક્ષણ સચિવ,એનટીએ ચીફ અને તેના ડાયરેક્ટર જનરલનો સમાવેશ થાય છે, ને બોલાવ્યા હતા. આ બેઠક દરમિયાન,નીટ રદ કરવાના મુદ્દાને રાજકીયકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કામ કરશે નહીં. સંસદીય સમિતિએ ખાતરી કરવી જોઈએ કે ભવિષ્યમાં, કોઈપણ દ્વેષ પરીક્ષા સાથે ચેડા ન થાય તે માટે આવી સિસ્ટમ મૂકવામાં આવે. જ્યારે શિક્ષણ મંત્રાલયે એનટીએની સિસ્ટમ સુધારવા માટે ઘણા પગલાં લીધાં છે, પરંતુ ગતિ ધીમી રહી છે.નીટ ૨૦૨૪ ની અનિયમિતતાઓ પછી,એનટીએની કામગીરી સુધારવા માટે રચાયેલી રાધાકૃષ્ણન સમિતિએ હજુ સુધી તેની બધી ભલામણો લાગુ કરી નથી. હવે, તેનો અમલ કરવા માટે પહેલ ચાલી રહી છે. જો અન્ય પરીક્ષા સંચાલિત સંસ્થાઓ પણ સમિતિની ભલામણોને ધ્યાનમાં લે તો સારું રહેશે, કારણ કે આપણા દેશનો સ્પર્ધાત્મક પરીક્ષા પેપર લીકનો રેકોર્ડ શરમજનક બની ગયો છે. વિકસિત દેશોમાં પરીક્ષા પેપર લીક કેમ નથી થતા? આ હાલાકી ફક્ત ભારતમાં જ કેમ જડેલી હોય તેવું લાગે છે? આપણે પરીક્ષાઓ યોજવામાં વિકસિત દેશો દ્વારા અપનાવવામાં આવતી પદ્ધતિઓ કેમ અપનાવતા નથી?

"SAI NCoE ગાંધીનગર ભારતમાં પેરા સ્પોર્ટ્સ માટે અગ્રણી હાઈ-પર્ફોર્મન્સ હબ તરીકે ઉભરી રહ્યું છે": ડૉ. માંડવિયા

# કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ SAI NCoE ગાંધીનગર ખાતે સંકલિત રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું







કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ SAI NCoE ગાંધીનગર ખાતે નેશનલ કોચિંગ કેમ્પમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે વાતચીત કરી

PIB Ahmedabad

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે SAI NCoE ગાંધીનગર ખાતે રમતગમતના અનેક નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું, જે દેશભરમાં વિશ્વ કક્ષાની હાઈ-પર્ફોર્મન્સ સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમ્સના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. મંત્રીએ કેન્દ્ર ખાતે નવનિર્મિત પેરા એથ્લેટ હોસ્ટેલ (પેરા ખેલાડીઓ માટેનું છાત્રાલય), સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ (કેન્દ્રીય ભોજનાલય), સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ, મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલ (બહુહેતુક તાલીમ હોલ) અને મેડિટેશન પાર્ક (ધ્યાન ઉદ્યાન) નું ઉદ્ઘાટન કર્યું હતું.

તાલીમ, રિકવરી (પુનઃપ્રાપ્તિ), પોષણ, સ્પોર્ટ્સ સાયન્સ (રમતગમત વિજ્ઞાન) અને માનસિક સુખાકારીમાં સંકલિત સહાય દ્વારા ખેલાડીઓની તૈયારીઓને મજબૂત કરવા માટે આ સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

ખેલાડીઓ, કોચ અને અધિકારીઓને સંબોધતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતની રમતગમતની ઈકોસિસ્ટમ ખેલાડી-કેન્દ્રિત વિકાસ અને સમાવેશી રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર સાથે પરિવર્તનકારી બદલાવમાંથી પસાર થઈ રહી છે.

મંત્રીએ કહ્યું, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ખરેખર આપણા પેરા-ખેલાડીઓના 'પરમ મિત્ર' છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે માત્ર દેશભરમાં રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર જ નથી કર્યો, પરંતુ દરેક પેરા-ખેલાડી માટે ગૌરવ, સુલભતા, માન્યતા અને સમાન તકો પણ સુનિશ્ચિત કરી છે."

વૈશ્વિક રમતગમતમાં ભારતના ઉદય પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ નોંધ્યું હતું કે ભારતે એશિયન પેરા ગેમ્સમાં ૧૧૧ મેડલ અને પેરાલિમ્પિક્સ ૨૦૨૪ માં રેકોર્ડ ૨૯ મેડલ મેળવ્યા છે, જે દેશની ઝડપથી મજબૂત થઈ રહેલી રમતગમતની ઈકોસિસ્ટમને પ્રતિબિંબિત કરે છે.

તેમણે ટિપ્પણી કરી, "તાજેતરની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં અમારું રેકોર્ડબ્રેક પ્રદર્શન એ કોઈ આકસ્મિક સિદ્ધિ નથી. આ ખેલાડીઓમાં સતત રોકાણ, વૈજ્ઞાનિક તાલીમ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભારત વૈશ્વિક રમતગમતની મહાસત્તા બની શકે છે તેવા દ્રઢ વિશ્વાસનું પરિણામ છે."

મંત્રીએ અવલોકન કર્યું કે SAI NCoE ગાંધીનગર, જેને મંત્રાલય દ્વારા 'પેરા સ્પોર્ટ્સ માટે નોડલ સેન્ટર' તરીકે નોટિફાય કરવામાં આવ્યું છે, તે પેરા-ખેલાડીઓના વિકાસ માટે દેશના અગ્રણી હાઈ-પર્ફોર્મન્સ કેન્દ્રોમાંનું એક તરીકે ઉભરી રહ્યું છે.

આ કેન્દ્ર હાલમાં પેરા એથ્લેટિક્સ, પેરા બેડમિન્ટન, પેરા ટેબલ ટેનિસ, પેરા પાવરલિફ્ટિંગ, પેરા સ્વિમિંગ અને પેરા ફેન્સિંગ સહિત છ પેરા સ્પોર્ટ્સ વિષયોને સહાય પૂરી પાડે છે. આ સુવિધાઓનો ઉપયોગ હેન્ડબોલ, કબડ્ડી અને ખો-ખોની તાલીમ માટે પણ કરવામાં આવી રહ્યો છે.

ડૉ. માંડવિયાએ કબડ્ડી, પેરા સ્પોર્ટ્સ, વોલીબોલ અને બાસ્કેટબોલ માટે કેન્દ્ર ખાતે આયોજિત નેશનલ કોચિંગ કેમ્પમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે પણ વાતચીત કરી હતી. તેમણે અવલોકન કર્યું કે ઉચ્ચ સ્તરીય તાલીમ વાતાવરણ અને વૈજ્ઞાનિક સહાય પ્રણાલીઓનો સતત સંપર્ક ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ સહિતની ભાવિ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતની મેડલ જીતવાની સંભાવનાઓને મજબૂત કરશે.

મંત્રીએ ઉમેર્યું, "પેરા એથ્લેટ હોસ્ટેલ, સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ જેવી સુવિધાઓ માત્ર ઈમારતો નથી; તે ભારતના ભાવિ ચેમ્પિયન્સમાં રોકાણ છે. આ સંકલિત હાઈ-પર્ફોર્મન્સ ઈકોસિસ્ટમ્સ આગામી વર્ષોમાં ભારતની રમતગમતની શ્રેષ્ઠતાની યાત્રામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે." નવા ઉદ્ઘાટન કરાયેલા મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલનો ઉપયોગ મુખ્યત્વે કબડ્ડીની તાલીમ માટે કરવામાં આવશે અને તે ખેલાડીઓ માટે વર્ષભર ઉચ્ચ-તીવ્રતાની પ્રેક્ટિસ, મેચ સિમ્યુલેશન અને વ્યૂહાત્મક તૈયારીઓમાં મદદરૂપ બનશે તેવી અપેક્ષા છે. આધુનિક સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ વૈજ્ઞાનિક તાલીમ પદ્ધતિઓ દ્વારા ખેલાડીઓનું પ્રદર્શન, સહનશક્તિ, રિકવરી અને ઈજા નિવારણ વધારવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

ડૉ. માંડવિયાએ વધુમાં રેખાંકિત કર્યું હતું કે પેરા એથ્લેટ હોસ્ટેલ અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની નાણાકીય સહાયથી વિકસાવવામાં આવ્યા છે, જે સમાવેશી રમતગમતના વિકાસ અને પેરા-ખેલાડીઓના કલ્યાણ તરફ ભારત સરકારના સંકલિત અભિગમને દર્શાવે છે. ખેલાડીઓના સર્વાંગી વિકાસના મહત્વ પર ભાર મૂકતા મંત્રીએ જણાવ્યું હતું કે આધુનિક રમતગમતની શ્રેષ્ઠતા માત્ર શારીરિક તૈયારી પર જ નહીં, પરંતુ પોષણ, માનસિક સુખાકારી, શિસ્ત અને રિકવરી પર પણ આધાર રાખે છે. તેમણે નોંધ્યું હતું કે મેડિટેશન પાર્ક અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ જેવી સુવિધાઓ ખેલાડીઓ માટે વ્યાપક હાઈ-પર્ફોર્મન્સ ઈકોસિસ્ટમ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપશે. આ ઉદ્ઘાટન સમારોહમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના વરિષ્ઠ અધિકારીઓ, કોચ, ખેલાડીઓ અને રમતગમત જગતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી બેંક ખાતામાંથી પોતાના નામે ઉપાડી લીધા રૂપીયા ૩૫.૮૫ લાખ : ૫ સરકારી કર્મચારી અને ૨૦ કોન્ટ્રાકટર સહિત ૩૧ જેલ ભેગા

# મહિસાગર જિલ્લાના ૧૨૩ કરોડના નલ સે જલ કૌભાંડમાં વધુ બે ની ધરપકડ : ભ્રષ્ટાચારમાં ભાજપ કનેકશન અને સરપંચોનો ખેલ બહાર આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ





મહિસાગર જિલ્લામાં આચરાયેલા રૂપીયા ૧૨૩ કરોડના ગંભીર અને બહુચર્ચિત નલ સે જલ યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ ને વધુ એક મોટી સફળતા મળી છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે કડક કાર્યવાહી કરી કૌભાંડમાં સીધી સંડોવણી ધરાવતા એક સરપંચ કમ કોન્ટ્રાકટર અને એક સરપંચ પતિ સહિત વધુ બે શખ્સોની ધરપકડ કરી છે. આ સાથે જ આ કરોડોના ભ્રષ્ટાચારમાં અત્યાર સુધી જેલના સળીયા પાછળ ધકેલાયેલા આરોપીઓનો કુલ આંકડો ૩૧ પર પહોચી ગયો છે. મળેલી માહિતી મુજબ આ કરોડોના ભ્રષ્ટાચારમાં સત્તાધારી પક્ષ ભાજપનુ વધુ એક કનેકશન સત્તાવાર રીતે બહાર આવ્યુ છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જેની ધરપકડ કરવામાં આવી છે. તે સરપંચ કમ કોન્ટ્રાકટર નરેન્દ્ર મંગળભાઈ પટેલ ભાજપના સક્રિય કાર્યકર અને તાલુકા એટીવીટી સમિતિના સભ્ય છે. નરેન્દ્ર પટેલ કોઠંબા તાલુકાના વાળીનાથ ગામના સરપંચ પણ છે. તપાસમાં બહાર આવ્યુ છે કે આ સરપંચ કમ કોન્ટ્રાકટર પાસેથી સરકારે કુલ રૂપીયા ૧,૧૧,૭૮,૭૭૨ (૧.૧૧ કરોડ થી વધુ ) ની વસુલાત કરવાની બાકી છે. નરેન્દ્ર પટેલે જિલ્લાના બેડીયા, ચાવડીયા, છેલા બારીયાના મુવાડા, હડમતીયા, જુની સીંગલી, ટીંબા, વાળીનાથ અને વડધરી જેવા અનેક ગામોની નલ સે જલ યોજનાઓમાં મોટી ગેરરીતી આચરી હોવાનુ બહાર આવ્યુ છે. આ ઉપરાંત સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે કોઠંબા તાલુકાના જ સીંગલી ગામના સરપંચ જશીબેન બાબુસિંહ રાઠોડ ના પતિ બાબુસિંહ રાઠોડની પણ ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યુ છે કે સરપંચ પતિ બાબુસિંહ રાઠોડે વાસ્મો અંતર્ગત અલગ અલગ પાણી સમિતિના બનેલા સરકારે બેન્ક એકાઉન્ટ્સમાંથી પોતાના અંગત નામે રૂપીયા ૩૫.૮૫ લાખ જેવી માતબર રકમ ઉપાડી લીધી હતી. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જોખા, શીવરાજપુર અને છના બારીયાના મુવાડી ગામની પાણી સમિતિઓના સરકારી ખાતામાંથી આ નાણાં અંગત સ્વાર્થ માટે ઉપાડી લેવાયા હોવાનુ પુરવાર થયુ છે. આ હાઈપ્રોફાઈલ કૌભાંડમાં હાલમાં પકડાયેલા આ બે આરોપીઓ સહિત અત્યાર સુધીમાં કુલ ૩૧ કૌભાંડીઓ જેલના સળીયા પાછળ ધકેલાઈ ચુકયા છે. જેમાં ૫ તત્કાલીન સરકારી કર્મચારીઓ,૨૦ ભ્રષ્ટ કોન્ટ્રાકટરો, ૪ ફરીયાદ સિવાયના અન્ય કર્મચારીઓ અને ૨ પાણી સમિતિના સરપંચ અથવા હોદ્દેદારોનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે આ આખા કૌભાંડમાં અત્યાર સુધીમાં ભાજપના ૪ મોટા નેતાઓની સંડોવણી સપાટી પર આવી ચુકી છે. કોન્ટ્રાકટરો અને તત્કાલીન કર્મચારીઓ બાદ હવે વચેટીયા સરપંચોની ધરપકડનો દોર શરૂ થતા જિલ્લાના ગ્રામ્ય રાજકારણમાં ભારે અફરા તફરી અને દોડધામ મચી ગઈ છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અન્ય કેટલાક શંકાસ્પદ સરપંચોને પણ પુછપરછ માટે સમન્સ પાઠવ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જેને પગલે પાણી સમિતિ બનાવીને સરકારી નાણાં ચાઉ કરી જનારા ભ્રષ્ટ તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો છે.

કોર્ટની ટિપ્પણીઓનો દુરુપયોગ કરવા બદલ PIL દાખલ

# કોકરોચ જનતા પાર્ટીનો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર યુવા વર્ગમાં ભારે આકર્ષણ જમાવનારી વ્યંગાત્મક રાજકીય સંસ્થા કોકરોચ જનતા પાર્ટી વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કોર્ટની મૌખિક ટિપ્પણીઓનો કથિત દુરુપયોગ અને તેના વ્યાપારી શોષણ સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત, આ જ અરજીમાં નકલી ડિગ્રીઓનો ઉપયોગ કરીને વકીલાત કરી રહેલા કથિત નકલી વકીલોના મામલાની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) જેવી સ્વતંત્ર સંસ્થા પાસે તપાસ કરાવવાની પણ અપીલ કરવામાં આવી છે. અહેવાલ મુજબ, અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, આવી ઓનલાઈન સંસ્થાઓની પ્રવૃત્તિઓ બંધારણીય કાર્યવાહીને વેપારની વસ્તુ બનાવવાની સમાન છે અને તે ન્યાયિક સંસ્થાઓની પવિત્રતાને ઠેસ પહોંચાડે છે. "પ્રચાર, વ્યાપારી જોડાણ અને ડિજિટલ ડેટા માટે કોર્ટરૂમની મૌખિક અભિવ્યક્તિઓનો ઉપયોગ કરીને પ્રચાર ઝુંબેશ ચલાવવી એ બંધારણીય પ્રક્રિયાઓનું ખતરનાક વ્યાપારીકરણ દર્શાવે છે." કોર્ટરૂમની ટિપ્પણીઓનો પબ્લિક ડોમેનમાં પ્રચાર અને વ્યાપારી હેતુઓ માટે દુરુપયોગ થઈ રહ્યો હોવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કોકરોચ જનતા પાર્ટી આ જ મહિનાની શરૂઆતમાં એક વ્યંગાત્મક ઓનલાઈન રાજકીય ચળવળ તરીકે સામે આવી હતી. જેને સોશિયલ મીડિયા પર યુવા યુઝર્સનો ભારે સપોર્ટ મળ્યો છે. આ સ્પૂફ (મજાકિયા) પાર્ટી પોતાને આળસુ, બેરોજગાર અને ભૂલાઈ ગયેલા નાગરિકો માટે ભારતની સૌથી પ્રામાણિક રાજકીય પાર્ટી તરીકે ઓળખાવે છે. તે એવા ભારતીય યુવાનોનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે જેઓ મુખ્ય પ્રવાહના રાજકારણથી અલિપ્ત અનુભવે છે. આ મૂવમેન્ટની શરૂઆત ૧૬ મેના રોજ થઈ હતી.

# ગુજરાતમાં શું થવા બેઠુ છે? ડીઝલની ભયંકર અછત વચ્ચે ૧૨ લાખ ટ્રકોના પૈડા થંભી જવાની ભીતી : શાકભાજી, દુધ સહિતની ચીજો મોંઘીદાટ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર




મધ્ય પૂર્વમાં અમેરીકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાની સીધી અને ઘાતક અસર હવે ગુજરાતના અર્થ તંત્ર પર દેખાવા લાગી છે. રાજયના છેલ્લા કેટલાક દિવસોથી ડીઝલના પુરવઠામાં સર્જાયેલી ભારે અછતને કારણે ગુજરાતનો લાઈફ લાઈન ગણાતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ સંપૂર્ણપણે ભાંગી પડવાની અણી પર આવી ગયો છે.

અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના જણાવ્યા અનુસાર જો ઈંધણની આ અછતને તાત્કાલીક દુર કરવામાં નહી આવે તો રાજયભરમાંથી દોડતી અંદાજે ૧૨ લાખ જેટલી ટ્રકોના પૈડા ગમે ત્યારે થંભી જશે. ગુજરાતનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અગાઉથી જ આર્થિક મંદીના માર થી પરેશાન હતો. તેવામાં ડીઝલની અછતે પડયા પર પાટુ જેવી સ્થિતિ સર્જી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે જો આ ૧૨ લાખ ટ્રકો રોડ રસ્તા પર થી હટી જશે તો તેની સીધી અસર દેશભરમાં માલ સામાનની સપ્લાય ચેઈન પર પડશે, જેને કારણે આગામી દિવસોમાં શાકભાજી, દુધ, અનાજ અને અન્ય તમામ જીવન જરૂરી ચીજ વસ્તુઓની ડીલીવરી અટકી જશે અને તેના ભાવો આસમાને પહોચી જશે તેવી ગંભીર આશંકા સેવાઈ રહી છે. પરિસ્થિતિ વણસતા ટ્રાન્સપોર્ટરોએ હવે ગુજરાત સરકાર સમક્ષ તાકીદે હસ્તક્ષેપ કરવા ગુહાર લગાવી છે.

હાલમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ગ્રામ્ય તેમજ હાઈવે વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. નેશનલ અને સ્ટેટ હાઈવે પર આવેલા મોટાભાગના પેટ્રોલ પંપો પર ડીઝલ ખાલી થઈ જતા ડીઝલનો જથ્થો ઉપલબ્ધ નથી તેવા પાટીયા લટકાવી દેવામાં આવ્યા છે. ટ્રક ચાલકોએ ડીઝલ મેળવવા માટે એક પંપ થી બીજા પંપ સુધી કિલોમીટર સુધી ભટકવુ પડી રહ્યુ છે. એટલુ જ નહી જે પંપો ચાલુ છે ત્યાં પણ મર્યાદીત માત્રામાં (લીટરની લીમીટ નકકી કરીને ) જ ડીઝલ આપવામાં આવી રહ્યુ હોવાથી લાંબા અંતરના રૂટ પર નિકળેલા ટ્રક ચાલકો અધવચ્ચે જ હાઈવે પર અટવાઈ પડયા છે. ડીઝલની આ તંગીની સીધી અસર માત્ર માલ સામાનના ટ્રાન્સપોર્ટરો પર જ નહી પરંતુ મુસાફરોની સપ્લાય પર પણ પડી છે. પર્યાપ્ત માત્રામાં ડીઝલ ન મળવાને કારણે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા વચ્ચે દોડતી ખાનગી લકઝરી ટ્રાવેલ્સ બસોની સંખ્યામાં ૩૦ ટકા જેટલો મોટો ઘટાડો થઈ ગયો છે. સંચાલકોના જણાવ્યા મુજબ ઈંધણની અનિયમિતતા વચ્ચે બસો ચલાવવી હવે આર્થિક રીતે પોસાય તેમ નથી. જો તેઓ ભાડુ વધારે તો મુસાફરોનો રોષ વહોરવો પડે અને ભાડુ ન વધારે તો મોટુ નુકશાન થાય, આ જ કારણે સૌરાષ્ટ્ર, મુંબઈ, દિલ્હી અને મધ્ય પ્રદેશ જતી આંતરરાજય ખાનગી બસોની ફીકવન્સી ૨૫ થી ૩૦ ટકાનો ઘટાડો ઝીંકી દેવામાં આવ્યો છે. એક તરફ સરકાર અને તંત્ર એવો દાવો કરી રહ્યા છે કે પેટ્રોલ - ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ રાખવા માટે આયોજન કરાયુ છે. પરંતુ જમીની હકીકત કંઈક જુદી જ છે. પેટ્રોલ પંપ એસોસીએશનના સભ્યોનુ કહેવુ છે કે કંપનીઓ તરફથી હવે ૫-૫ દિવસે માંડ એક ટેન્કર સપ્લાય મળી રહી છે. અપુરતા જથ્થાને કારણે પંપ માલીકો ટુવ્હીલર કે કારમાં લીમીટેડ પેટ્રોલ ડીઝલ આપવા મજબુર બન્યા છે. તો બીજી તરફ અછતની અફવાઓ અને ડરના કારણે સામાન્ય વાહન ચાલકો પંપ પર આવીને ટાંકી ફુલ કરાવવાનો આગ્રહ રાખે છે. જેના લીધે પંપના કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે રોજીંદી રકઝક અને વિવાદો થઈ રહ્યા છે. રાજયમાં અચાનક પેટ્રોલ અને ડીઝલની માંગમાં ૩૫ થી ૪૦ ટકા જેટલો મોટો ઉછાળો નોંધાયો છે. જેના કારણે સપ્લાય સિસ્ટમ પર ભારે દબાણ આવ્યુ છે. કટોકટી એટલી વધી ગઈ છે કે ગાંધીનગરમાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં પણ આ મુદ્દો ચર્ચાના કેન્દ્રે રહ્યો હતો.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલની ૭૫મી આવૃત્તિએ દેશને એક કર્યો, અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ ડેની ભવ્ય ઉજવણીમાં ભારતનું નેતૃત્વ કરે છે

અમદાવાદમાં પ્રતિષ્ઠિત સાબરમતી રિવરફ્રન્ટ પરથી રાષ્ટ્રીય ઉજવણીનું નેતૃત્વ કરતા, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને બોલિવૂડ અભિનેતા આયુષ્માન ખુરાનાની સાથે સામુદાયિક ભાગીદારી અને રમતગમતની ભાવનાના જીવંત પ્રદર્શનમાં ૫,૦૦૦ સાયકલ સવારો, એથ્લેટ્સ, યુવા સ્વયંસેવકો અને ફિટનેસ ઉત્સાહીઓ સાથે જોડાયા હતા.

અમદાવાદ આવૃત્તિ, જેની થીમ "એ ન્યૂ આઈકોન ફોર અ ફિટર ઈન્ડિયા – પેડલિંગ ટુ ૨૦૩૦" હતી, તેમાં યોગ અને ઝુમ્બા નિદર્શનો સાથે ભવ્ય ૫-કિલોમીટરની સાયકલ રેલી યોજવામાં આવી હતી, જેણે સાબરમતી રિવરફ્રન્ટને ફિટનેસ, સંસ્કૃતિ અને ભારતના રમતગમતના વિકાસની ઉજવણીમાં ફેરવી દીધું હતું.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ડૉ. માંડવિયા દ્વારા એક વિશેષ કોમનવેલ્થ ગેમ્સ-થીમ આધારિત પ્રદર્શનનું ઉદ્ઘાટન હતું, જેમાં ભારતની રમતગમતની સિદ્ધિઓ, ખેલો ઈન્ડિયા મિશન હેઠળ રમતગમતના માળખાકીય સુવિધાઓનો વિકાસ અને ૨૦૩૦માં શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ તરફ દોરી રહેલી દેશની વિસ્તરી રહેલી રમતગમતની ઈકોસિસ્ટમ પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પિકલબોલ, બોક્સ ક્રિકેટ, વોલીબોલ, ટગ ઓફ વોર (દોરડા ખેંચ) અને ઘણી ઈન્ટરેક્ટિવ સામુદાયિક રમતો સહિતની આકર્ષક પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી પણ દર્શાવવામાં આવી હતી, જેણે તમામ વય જૂથોના સહભાગીઓ માટે તહેવાર જેવું વાતાવરણ ઊભું કર્યું હતું.

અભિનેતા આયુષ્માન ખુરાના ગુરજીત કૌર, રજની એતિમારપુ, સોનિકા ટાંડી, અંજુમ મૌદગિલ, અંકુર મિત્તલ અને તૃપ્તિ મુર્ગુન્દે સહિતના ભૂતપૂર્વ કોમનવેલ્થ ગેમ્સના ચંદ્રક વિજેતાઓ અને ઓલિમ્પિયન્સ સાથે જોડાયા હતા, જે યુવા સહભાગીઓને પ્રેરણા આપતા હતા અને ભારતના યુવાનોમાં ફિટનેસ અને રમતગમતની વધતી જતી સંસ્કૃતિને મજબૂત બનાવતા હતા.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજય પટેલ; ઓલિમ્પિક શૂટર અને ઝઉર ચંદ્રક વિજેતા ગગન નારંગ; શ્રી મયંક શ્રીવાસ્તવ, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, ખેલો ઈન્ડિયા અને ઓલિમ્પિયન અને એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ આદિલ સુમારીવાલા સહિતના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો અને રમતગમતના અગ્રણીઓની ઉપસ્થિતિ પણ જોવા મળી હતી.

આ કાર્યક્રમનું એક વિશેષ સાંસ્કૃતિક આકર્ષણ જાણીતા કલાકાર શ્રી અનીશ રંગરેજ દ્વારા પ્રસ્તુત કરાયેલ યોગના વિજ્ઞાન સાથે ગરબાની પરંપરાગત ભાવનાનું અનોખું મિશ્રણ દર્શાવતું પ્રદર્શન હતું.

વધુમાં, મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગના ડૉ. પવન કુમાર વેલનેસ પરામર્શ અને માર્ગદર્શન સત્રો દ્વારા સહભાગીઓ સાથે જોડાયા હતા, જે સર્વગ્રાહી ફિટનેસ અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપતા હતા.

૨૦૩૦માં ઐતિહાસિક શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સના મોટા બિલ્ડ-અપના ભાગરૂપે, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય **(MYAS)** જનભાગીદારીને ગાઢ બનાવવા અને ભારતના રમતગમતના ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે દેશભરમાં ભવ્ય, ઈન્ટરેક્ટિવ અને સમુદાય સંચાલિત પહેલોનું આયોજન કરવાનું ચાલુ રાખશે.

દેશવ્યાપી ઉજવણીનો ઉદ્દેશ્ય કોમનવેલ્થ ગેમ્સ ચળવળની આસપાસ વધુ જાગૃતિ લાવવાનો છે અને સાથે સાથે યુવાનોને ફિટનેસ, રમતગમત અને સક્રિય જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવાનો છે કારણ કે ભારત ૨૦૩૦માં ઝઉની યજમાની કરવાની તૈયારી કરી રહ્યું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "આજે એક ખૂબ જ વિશેષ અવસર છે કારણ કે આપણે ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલની ૭૫મી આવૃત્તિ અને કોમનવેલ્થ ગેમ્સ ડે બંનેની ઉજવણી કરી રહ્યા છીએ. તે મને ગર્વ આપે છે કે ગુજરાત ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે, અને ફિટનેસ અને રાષ્ટ્ર નિર્માણ માટે વહેલી સવારે હજારો લોકોને એકસાથે આવતા જોઈને તેનાથી પણ વધુ આનંદ થાય છે.

"એક ફિટ સમાજ સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. જો આપણે સાચે જ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારતના વિઝનને પૂર્ણ કરવા માંગતા હોઈએ, તો દરેક નાગરિકે ફિટનેસ અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રાથમિકતા આપવી જોઈએ. સાયકલિંગ એ માત્ર કસરત નથી, તે એક ચળવળ છે. તે આપણને ફિટ રાખે છે, પ્રદૂષણ ઘટાડે છે અને બળતણ બચાવવામાં મદદ કરે છે, જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની બળતણનો વપરાશ ઘટાડવાની અપીલ સાથે પણ સુસંગત છે. આપણા રોજિંદા જીવનમાં સાયકલ ચલાવવાનું અપનાવીને, ટૂંકા અંતર માટે પણ, આપણે સ્વસ્થ અને વધુ ટકાઉ ભારત તરફ યોગદાન આપીએ છીએ."

**કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અભિનેતા આયુષ્માન ખુરાનાની સાથે કોમનવેલ્થ ગેમ્સ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું, જ્યાં CWG ડે ઉજવવા માટે સાબરમતી રિવરફ્રન્ટ પર હજારો લોકો એકઠા થયા હતા**






ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "આજે, ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ માટે આખું અમદાવાદ શહેર જીવંત બન્યું હતું, અને ગુજરાતના લોકો તરફથી આવો જબરદસ્ત પ્રતિસાદ જોઈને હું અત્યંત ખુશ છું. હજારો નાગરિકો ફિટનેસ અને રમતગમત માટે વહેલી સવારે બહાર નીકળ્યા તે હકીકત તંદુરસ્ત જીવનશૈલી પ્રત્યે વધતી જતી જાગૃતિ અને ઉત્સાહ દર્શાવે છે."

અમદાવાદમાં જોવા મળેલી મોટા પાયે ભાગીદારીએ ગુજરાતમાં રમતગમત અને ફિટનેસ પ્રત્યેના વધતા ઉત્સાહને પણ પ્રતિબિંબિત કર્યો છે, જે ભવિષ્યમાં મોટી આંતરરાષ્ટ્રીય રમતગમતની ઈવેન્ટ્સની યજમાની માટે રાજ્યની સજ્જતાને રેખાંકિત કરે છે. નાગરિકો, એથ્લેટ્સ, યુવા સ્વયંસેવકો અને ફિટનેસ ઉત્સાહીઓના મજબૂત ટર્નઆઉટે આ પ્રદેશમાં રમતગમતની સંસ્કૃતિના ઝડપી વિકાસને પ્રદર્શિત કર્યો અને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પહેલા વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓ માટેના મુખ્ય સ્થળ તરીકે અમદાવાદના ઉદભવને મજબૂત બનાવ્યો. અભિનેતા અને ફિટ ઈન્ડિયા આઈકોન આયુષ્માન ખુરાનાએ જણાવ્યું હતું કે, "આજે અહીં દરેક વય જૂથના લોકોને આટલી ઉર્જા સાથે આનંદ માણતા અને ભાગ લેતા જોઈને હું સાચે જ ખુશ છું. ફિટ ઈન્ડિયા અને આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ વચ્ચેનું જોડાણ સુંદર છે કારણ કે તે યુવા ભારતીયોમાં રમતગમતની સંસ્કૃતિને પ્રેરિત કરી રહ્યું છે. સન્ડેઝ ઓન સાયકલ એ એક ખૂબ જ રસપ્રદ અને ભવિષ્યવાદી પહેલ છે." "રમતગમત માત્ર મેડલ જીતવા વિશે નથી; તે શિસ્ત, બલિદાન અને આકાંક્ષાઓ બનાવવા વિશે છે. દરેક એથ્લેટની પાછળ આખો પરિવાર બલિદાન આપે છે અને તેમના સપનાને ટેકો આપે છે. તેમની સફળતા દેશની સફળતા બને છે. આજે અહીં ભાગ લઈ રહેલા બાળકોને જોઈને, હું સાચે જ માનું છું કે ભારતના ઘણા ભવિષ્યના ચંદ્રક વિજેતાઓ આપણી વચ્ચે છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝન અને માર્ગદર્શન હેઠળ, આ પ્રકારની પહેલો ભારતીય રમતગમતના ભવિષ્યને આકાર આપી રહી છે," તેમણે ઉમેર્યું હતું. સમગ્ર દેશમાં, **SAI** પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ, ખેલો ઈન્ડિયા કેન્દ્રો અને જાહેર સ્થળોએ એકસાથે સમાન ઉજવણીઓ થઈ, જેમાં ઓલિમ્પિયન્સ, કોમનવેલ્થ ગેમ્સના ચંદ્રક વિજેતાઓ અને રમતગમતના પ્રતીકો પોતપોતાના પ્રદેશોમાં નાગરિકો સાથે જોડાયા હતા. માનનીય કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ ગુવાહાટીમાં ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું, ભૂતપૂર્વ કુસ્તી સ્ટાર બબીતા ફોગાટે ધર્મશાલામાં ભાગ લીધો હતો, જ્યારે ભૂતપૂર્વ ભારતીય હોકી ખેલાડી સબા અંજુમ — જે પ્રતિષ્ઠિત ફિલ્મ ચક દે! ઈન્ડિયા પાછળની પ્રેરણાઓમાંથી એક છે — મુંબઈમાં ઉત્સવમાં જોડાયા હતા, જેણે રમતગમત જનભાગીદારીની દેશવ્યાપી ભાવનામાં ઉમેરો કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ ડિસેમ્બર ૨૦૨૪માં તેની શરૂઆત થઈ ત્યારથી, ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ ભારતની સૌથી મોટી સમુદાય સંચાલિત ફિટનેસ પહેલોમાંની એક તરીકે ઉભરી આવી છે, જે ૩.૦૭ લાખથી વધુ સ્થળોએ પહોંચી છે, જેમાં ૫૦ લાખથી વધુ સાયકલ સવારો જોડાયા છે અને ઓન-ગ્રાઉન્ડ તેમજ ડિજિટલ ભાગીદારી દ્વારા ૭ કરોડથી વધુ ભારતીયો સાથે જોડાણ સાધ્યું છે. સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા **(CFI)**, યોગાસન ભારત, રાહગીરી ફાઉન્ડેશન, સ્રૂ બાઈક્સ અને સ્રૂ ભારત સાથે મળીને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત આ પહેલ પ્રધાનમંત્રીના "ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોઝ"ના વિઝનને મજબૂત કરવાનું ચાલુ રાખે છે. અમદાવાદ ૨૦૩૦માં ઐતિહાસિક કોમનવેલ્થ ગેમ્સની યજમાની તરફ સતત આગળ વધી રહ્યું હોવાથી, આજની ઉજવણી વધુ ફિટ, મજબૂત અને વધુ મહત્વાકાંક્ષી રમતગમતના ભવિષ્ય તરફ એકસાથે સાયકલ ચલાવતા રાષ્ટ્રની શક્તિશાળી યાદ અપાવે તેવી રહી હતી.

# ગુજરાતના રાજયસભામાં બેઠેલા સાંસદો બહુ કંજુસ નિકળ્યા: રૂ.૨૦૮ કરોડની ગ્રાન્ટ મળી પણ ખર્ચ્યા માત્ર ૫૨ કરોડ જ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાંથી રાજયસભાના ૪ સાંસદોની ટર્મ જુન મહિનામાં પુરી થવા જઈ રહી છે. મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ લોકલ એરીયા ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સાંસદને પોતાના રાજયમાં વિકાસના કામો માટે દર વરસે અંદાજે ૫ કરોડ રૂપીયા સુધીની ભલામણ કરવાની સત્તા મળે છે. ગુજરાતભરમાંથી રાજયસભાના ૧૧ સાંસદોએ કુલ ૨૦૮.૧૫ કરોડ રૂપીયાની ગ્રાન્ટમાંથી ૫૨.૧ કરોડ રૂપીયાની ગ્રાન્ટનો ઉપયોગ કર્યો છે. આમ રાજયસભાના સાંસદોએ ગુજરાતમાં ગ્રાન્ટ વાપરવામાં પણ કંજુસાઈ કરી છે. આ પછી ટકાવારીને રીતે ગ્રાન્ટ નો સૌથી વધુ ઉપયોગ કરવામાં બાબુભાઈ જે દેસાઈ ૪૪.૪૦ ટકા સાથે, બીજા નરહરી અમીન ૪૧.૧૦ ટકા સાથે, ત્રીજા શકિતસિંહ ગોહિલ ૩૨.૬૦ ટકા સાથે, ચોથા અને રામભાઈ મોકરીયા ૨૬.૨૦ ટકા સાથે પાંચમા સ્થાને છે. આ ઉપરાંત જશવંતસિંહ પરમારે ૧૮.૨૦ ટકા, એસ જયશંકર ૧૩.૨૦ ટકા, ગોવિંદભાઈ ધોળકીયાએ ૧૨.૮૦ ટકા, મયંક નાયકે ૯.૧૦ ટકા, કેસરીદેવસિંહ ઝાલાએ ૭.૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ કર્યો છે. કેન્દ્રીય મંત્રી જગતપ્રકાશ નડ્ડાને ૧૪.૭૦ કરોડ રૂપીયાની ગ્રાન્ટ મળી છે અને તેમાંથી તેમણે હજુ સુધી એક પણ રૂપીયો ખર્ચ કર્યો નથી.

એમ પી લેડ્સ ફંડ નો મુખ્યત્વે જાહેર વિકાસના કામોમાં ઉપયોગ થયો છે. મુખ્ય કામના પ્રકારમાં ગ્રામ્ય શહેરી રોડ રસ્તા, શાળાઓ, રૂમ-લેબ, આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલો, પાણીની ટાંકીઓ, પાઈપ લાઈન, સ્ટ્રીટ લાઈટ, સમુદાય ભવન, સ્મશાન , કબ્રસ્તાન, સોલાર લાઈટ, રમત ગમતની સુવિધાનો સમાવેશ થાય છે.

દર વરસે સાંસદોને વિકાસના કામો માટે ૫ કરોડ રૂપીયા સુધીની ભલામણો કરવાની સત્તા છે. એજન્સીઓ નકકી કરી આ કામ અપાવવામાં આવે છે.

સાંસદ રોડ, સ્કુલ કામ માટે, હોસ્પિટલોના સાધનોની ખરીદી માટે, પાણીની ટાંકી માટે, સ્ટ્રીટ લાઈટો માટે તેમજ કોમ્યુનીટી હોલ બનાવવા માટે કામ નિયમ મુજબ છે કે નહી તે જિલ્લા કલેકટર દ્વારા ચકાસણી કરવામાં આવી છે. ટેકનીકલ એસ્ટીમેન્ટ બનાવવામાં આવે છે.

| રાજયસભાના સાંસદો | પક્ષ | રકમ ફાળવાઈ | ખર્ચ કર્યો |
|---|---|---|---|
| રમીલાબેન બારા | ભાજપ | ૧૯.૬૦ કરોડ | ૧૫.૩૮ કરોડ |
| બાબુભાઈ દેસાઈ | ભાજપ | ૧૭.૧૫ કરોડ | ૭.૬૧ કરોડ |
| નરહરી અમીન | ભાજપ | ૧૯.૬૦ કરોડ | ૮.૦૬ કરોડ |
| શકિતસિંહ ગોહિલ | કોંગ્રેસ | ૧૯.૬૦ કરોડ | ૬.૩૯ કરોડ |
| રામભાઈ મોકરીયા | ભાજપ | ૧૯.૬૦ કરોડ | ૫.૧૩ કરોડ |
| જશવંતસિંહ પરમાર | ભાજપ | ૧૪.૭૦ કરોડ | ૨.૭૭ કરોડ |
| એસ જયશંકર | ભાજપ | ૧૭.૧૫ કરોડ | ૨.૨૫ કરોડ |
| ગોવિંદભાઈ ધોળકીયા | ભાજપ | ૧૪.૭૦ કરોડ | ૧.૮૭ કરોડ |
| મયંક નાયક | ભાજપ | ૧૪.૭૦ કરોડ | ૧.૩૩ કરોડ |
| કેશરીદેવસિંહ ઝાલા | ભાજપ | ૧૭.૧૫ કરોડ | ૧.૨૨ કરોડ |
| જે પી નડ્ડા | ભાજપ | ૧૪.૭૦ કરોડ | એકપણ રૂપીયો ખર્ચ કર્યો નથી |

# મને મયંક નાયકથી નફરત છે, પહેલા પ્રશાંત કોરાટ અમને પગે પડતો: તારી છઠ્ઠીનું ધાવણ તું બતાવજે: તારા જેવા ૧૭ દુશ્મનોને પિન્ટુ પી ગયા, વાયરલ વિડીયોથી ભાજપમાં ભુકંપ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપનુ એપી સેન્ટર ગણાતા મહેસાણામાં હાલ એક બાદ એક નવા વિવાદો બહાર આવી રહ્યા છે. એઆઈ ના દૌર માં હાલ કથિત રીતે ભાજપના નેતાઓની એક બાદ એક ઓડીયો કિલપ વાયરલ થઈ રહી છે. જેનુ કેન્દ્ર સ્થાન મહેસાણા છે, જેમાં સૌથી પહેલા મહેસાણાના ભાજપના કોર્પોરેટર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અંગે અપમાનજનક ટીપ્પણી કરતા હોવાનો કથિત ઓડીયો હાલ વાયરલ થઈ રહ્યો છે. ત્યારબાદ વધુ એક ઓડીયો કિલપ વાયરલ થઈ છે,

વાયરલ થયેલી બીજી ઓડીયો કિલપમાં કથિત રીતે મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ ભાજપ કાર્યકર મૌલિકને ફોન પર રાજયસભા સાંસદ મયંક નાયક વિશે અને પ્રશાંત કોરાટ વિશે સોશીયલ મીડીયામાં પોસ્ટ ના મુકવા માટે ખખડાવી રહ્યા છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ વિશે અપમાનજક શબ્દો બોલતી ઓડીયો કિલપનો વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિની ઓડીયો કિલપ વાયરલ થઈ છે. મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષાબેન પટેલ ના પતિ પિન્ટુ પટેલ રાજયસભાના સાંસદ મયંક નાયક વિશે અપમાનજક શબ્દો બોલી રહ્યા છે. સોશીયલ મીડીયામાં મયંક નાયકની મુકેલી પોસ્ટ બાબતે પિન્ટુ પટેલે મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામના ભાજપના કાર્યકર મૌલિકને ફોન કરીને ખખડાવ્યો હતો, મહેસાણા જિલ્લામાં ઓડીયો કિલપ વાયરલ થતા ભાજપમાં આંતરીક જુથવાદ હોવાનુ બહાર આવ્યુ છે. પિન્ટુ પટેલ રાજયસભા સાંસદ મયંક નાયક, પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંત કોરાટ સહિતના ભાજપના નેતાઓ માટે અપમાનજનક શબ્દો બોલી રહ્યા છે. મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષા પટેલના પતિ પિન્ટુ પટેલ, હરેશભાઈ અને ભાજપના સ્થાનિક કાર્યકર મૌલિક વચ્ચેની વાતચીતની વિવાદીત ઓડીયો કિલપ હાલ સોશીયલ મીડીયામાં વાયુવેગે વાયરલ થઈ રહી છે. આ કથિત ઓડીયો કિલપમાં મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષાબેન પટેલના પતિ પિન્ટુ પટેલ ભાજપના સ્થાનિક કાર્યકર મૌલિકને રાજયસભા સાંસદ મયંક નાયક અંગે પોસ્ટ મુકવા બદલ ખખડાવી રહ્યા છે.

મૌલિક મારી વાત સાંભળી લે જે, મને નાયક થી નફરત છે, મારા વગર તું એમ કહેતો હોય કે તું મોતીદેવ ગામનો શકિત કેન્દ્રનો ઈન્ચાર્જ બની બતાવુ તો બની બતાય, હું રાજકારણ છોડી દઈશ, હું સ્ટેમ્પ પેપરમાં લખી આપુ છું તમને અનુકુળ હોય તેમ કર, ભાજપના કાર્યકર મૌલિક કહે છે પિન્ટુભાઈ એવુ કંઈ નથી, ખાલી બ્રો ખોલી એમ જ ફોટો મુકયો છે, તો બીજી મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે કે મને નાયક થી નફરત છે, તું ફોન રેકોર્ડ કરીને મયંકને સંભળાવજે, મયંક નાયક મારા માટે જીરો છે, પિન્ટુભાઈ રાજકારણ છોડશે, બાકી નાયકના પગે નહી લાગે, તો બીજી તરફ ભાજપ કાર્યકર મૌલિક કહે છે મારે આવી રીતે રાજકારણમાં એન્ટ્રી નથી મારવી, મારે એવુ તમારી વિરૂધ્ધ કંઈ કરવુ નથી, મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે કે મને તારા જેવુ નથી આવડતુ કે હું એની પોસ્ટ અને સ્ટોરી મુકુ, મૌલિક કહે છે મેં શું કર્યુ, મેં ખાલી સ્વામિનારાયણની પોસ્ટ મુકી હતી, તો બીજી તરફ મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે છોડ ને સ્વામિનારાયણ નહી ખુદ ભગવાન મયંક નાયકને મળવા આવે તો પણ હું એની પોસ્ટ ના મુકુ,

મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે સ્વામિ મૌલિકભાઈ લાઈન ઉપર છે, વાત કરો , મેં મૌલિકને એવુ કીધુ તે આજે પણ મયંક નાયકની પોસ્ટ મુકી, કાલે પણ મયંક નાયકની પોસ્ટ મુકી હતી, મૌલિક સાંભળે જ છે કોન્ફરન્સ હોલ માં, મૌલિક હું તને ઓળખતો નથી, હું હરેશભાઈને ઓળખુ છું, તારામાં તાકાત હોય તો મોતીદેવના શકિત કેન્દ્રનો ખાલી ઈન્ચાર્જ બની બતાવ, હું તને ૨૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર પર લખીને આપુ કે પિન્ટુભાઈ અને એમના મીસીસ આજીવન રાજકારણ છોડી દેશે, અત્યારે હાલ હરેશભાઈને લખીને આપી દઉ, મૌલિકને કહું છું, તું જેના પર કુદતો હોય મૌલિક તો ખોડ ભુલી જજે, તું મેયરના પાસે ફોટા પડાવ, જગદીશ વિશ્વકર્મા જોડે ફોટા પડાવ, એ બધુ હું જાણુ છું, જગદીશ વિશ્વકર્મા જોડે ફોટા પડાવવાનો ૫ લાખ રૂપીયા ખર્ચો છે. આ તો હરેશભાઈએ કીધુ એટલે મે તને ફોટા પડાવવા દીધો, મૌલિક તને નહી દઉ, પિન્ટુભાઈના પેટનુ પાણી પણ નહી હલે, તારા જેવા ૧૭ દુશ્મનો પિન્ટુભાઈ પી ગયા છે, આ લેવલે પહોચવામાં, તું મારો ૧૮ મો દુશ્મન છે.

# બિજનોરમાં ચોરીની અનોખી ઘટના: રોકડ ભરેલી બેગ ઉઠાવીને રફુચક્કર થઈ ગયો શ્વાન!

**આ આખી ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ : આ મામલો સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)બિજનોર

ઉત્તર પ્રદેશના બિજનોર જિલ્લામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જે જોઈને સ્થાનિક લોકો ચોંકી ગયા હતા. સમગ્ર ઘટના શહેરના કિલાવાળી મસ્જિદ પાસે બની હતી. જ્યાં એક વેપારીની એક લાખ રૂપિયાથી ભરેલી બેગ એક રખડતું શ્વાન ઉપાડીને ફરાર થઈ ગયું હતું. આ આખી ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી, ત્યાર બાદ આ મામલો સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

જાણકારી અનુસાર વેપારીએ બેંકમાંથી એક લાખ રૂપિયા ઉપાડ્યા હતા. તે કોઈ જરૂરી કામ માટે બજારમાં આવ્યો અને આ દરમિયાન તે કિલ્લાવાળી મસ્જિદમાં નમાજ પઢવા માટે રોકાયો હતો.

ઉતાવળમાં તે પોતાની બાઈક પર રાખેલી રૂપિયા ભરેલી કાળા રંગની બેગ છોડીને જ મસ્જિદ અંદર જતો રહ્યો હતો. બેગમાં રોકડ રકમ રાખેલી હતી. આ દરમિયાન ત્યાં અચાનક એક શ્વાન આવ્યું હતું.

જણાવ્યાં અનુસાર શ્વાન કાળા રંગના બેગમાં ભોજન કે અન્ય ખાવાની વસ્તુ હોવાનું સમજીને બેગ પોતાના મોંમાં દબાવીને જતું રહ્યું હતું. જ્યારે વેપારી નમાજ પઢીને બહાર આવ્યો તો તેણે જોયું કે, બાઈક પર રાખેલી બેગ ગાયબ છે. પહેલા તો તેણે આસપાસ ઘણી શોધખોળ કરી, પરંતુ કંઈ જાણવા મળ્યું નહીં.

ગભરાયેલા વેપારીએ આસપાસના લોકોની પૂછપરછ કરી, પરંતુ બેગની કોઈ જાણકારી મળી નહીં. ત્યારે બાદ તેણે મસ્જિદ અને આસપાસ લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરાવ્યાં. ફૂટેજ જોયા પછી તમામ લોકો નવાઈમાં પડી ગયા હતા. કેમ કે તેમાં સ્પષ્ટ રીતે જોઈ શકાતું હતું કે, એક કાળો શ્વાન બાઈક પાસે આવે છે, બેગ ઉઠાવે છે અને ત્યાંથી જતી રહે છે.

સીસીટીવી ફૂટેજ સામે આવ્યાં પછી ઘટના આખા વિસ્તારમાં વાયુ વેગે ફેલાઈ ગઈ. સ્થાનિક લોકો તેને ખૂબ જ અનોખી અને અવિશ્વસનીય ઘટના ગણાવી રહ્યાં છે.

કેટલાક લોકો તેને બેદરકારીનું પરિણામ હોવાનું કહી રહ્યાં છે, તો કેટલાક લોકો તેને ભાગ્યનો ખેલ કહી રહ્યાં છે. વેપારી અને સ્થાનિક લોકોએ ઘણી જગ્યાએ શોધખોળ કરી, પરંતુ અત્યાર સુધી તેનો કોઈ પતો લાગ્યો નથી. પોલીસને પણ આ ઘટનાની જાણકારી આપવામાં આવી છે અને આસપાસના વિસ્તારમાં બેગની શોધખોળ શરૂ કરી રહી છે. હાલ આ શ્વાન સમગ્ર વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને લોકો આ અજીબ ઘટના પર આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યાં છે. આ સમગ્ર ઘટનાએ એક મેસેજ પણ આપે છે કે, જાહેર જગ્યાએ કોઈ કિંમતી સામાન છોડવાની ભૂલ કરવી મોટી નુકસાનીનું કારણ બની શકે છે.

### વિમાન ૨૨૦ મુસાફરોને લઈને ઉડ્યું

# અધવચ્ચે આકાશમાં પાયલોટને હાર્ટ એટેક આવતા અફરાતફરી

**સદનસીબે કો-પાયલોટ અનુભવી હતો, તેણે તરત જ કંટ્રોલ સંભાળી લીધો અને ઈમરજન્સી લેન્ડિંગની તૈયારીઓ કરી દીધી**

(સંપૂર્ણ સમાચાર સેવા)સ્પેન,

હવાઈ મુસાફરીને સામાન્ય રીતે સૌથી આરામદાયક, ઝડપી અને અનુકૂળ માનવામાં આવે છે, પરંતુ ક્યારેક આકાશની ઊંચાઈઓમાં એવી ઘટનાઓ ઘટી જાય છે જે મુસાફરોના મનમાં કાયમી ડર પેદા કરી દે છે.

હાલમાં સ્પેનથી યુકે જઈ રહેલી એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં કંઈક આવો જ કાળજું ધ્રુજાવી દેતો ભયાનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ટેનેરીફ (સ્પેન)થી બર્મિંગહામ (યુકે) જઈ રહેલી જેટ૨ એરલાઈન્સની ફ્લાઈટ **LS1266**માં ૨૨૦ મુસાફરોના જીવ ત્યારે અધ્ધર થઈ ગયા, જ્યારે અધવચ્ચે આકાશમાં મુખ્ય પાયલોટની તબિયત અચાનક અત્યંત નાજુક થઈ ગઈ હતી.

૨૧ મે ૨૦૨૬ની રાત્રે ફ્લાઈટ ટેકઓફ થયાના થોડા સમય બાદ જ કેપ્ટનને ૩૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પર હાર્ટ એટેક આવ્યો હતો.

અચાનક વિમાનની ઊંચાઈ ઘટવા લાગી. કેબિન ક્રૂ ગભરાઈને રડતા રડતા લોબીમાં દોડવા લાગ્યો હતો. તેમણે મુસાફરોને પૂછ્યું કે, શું કોઈને મેડિકલ ટ્રેનિંગ મળેલી છે. આખું વાતાવરણ ભય અને ચીસાચીસથી ભરાઈ ગયું હતું.

સદનસીબે કો-પાયલોટ અનુભવી હતો. તેણે તરત જ કંટ્રોલ સંભાળી લીધો અને ઈમરજન્સી લેન્ડિંગની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. વિમાનને પોર્ટુગલના પોર્ટો ખાતે ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. સવારે લગભગ ૨.૧૧ વાગ્યે વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયું હતું.

મુસાફરો આ ઘટનાને યાદ કરીને આજે પણ ધ્રૂજી રહ્યા છે. એક મુસાફરે જણાવ્યું કે, અમે જોયું કે સ્ટાફ રડી રહ્યો હતો અને દોડી રહ્યો હતો. અમને લાગ્યું કે કંઈક ખૂબ ગંભીર છે. જ્યારે પાયલોટને હાર્ટ એટેક આવ્યાનું જણાવાયું ત્યારે બધા ડરી ગયા. બીજા મુસાફરોએ જણાવ્યું કે, લેન્ડિંગ દરમિયાન પણ ઘણું ટેન્શન હતું, પરંતુ કો-પાયલોટે શાનદાર રીતે વિમાન નીચે ઉતાર્યું. લેન્ડિંગ પછી મેડિકલ ટીમ તરત જ વિમાન પાસે પહોંચી અને પાયલોટને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

### સરકારે પાંચ વર્ષમાં પેટ્રોલ થકીધૂમ કમાણી કરી કે

# જ્યારે દેશમાં મોંઘવારીનો મહારાક્ષસ હટ્ટહાસ્ય કરી રહ્યો છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અમેરિકા-ઈરાન યુધ્ધને કારણે સમગ્ર વિશ્વમાં પેટ્રોલ,ડીઝલ,ગેસના ભાવ વધ્યા છે અને મોદી સરકારે છેક હમણાં ચારેક રૂપિયા વધારીને પેટ્રોલને ૧૦૦ રૂપિયા સુધી પહોંચાડયું છે. પણ તર્ક વાહિયાત એટલા માટે છે કે જયારે આખી દુનિયામાં ભાવ ઓછો હતો ત્યારે એટલે કે યુદ્ધ પહેલાના પાંચેક વર્ષથી આપણી સરકાર યુધ્ધ જેટલો તનતોડ ભાવ લઈ રહી હતી. પરંતુ આવી સાચી હકીકત જાણીને સરકારને સવાલ પૂછવાની હામ કે તર્કશક્તિ અંધભક્તોમાં રહી જ ક્યાં છે? તેમને તો બસ એમના શાસકો ધર્મરૂપી ઘેનના ઈન્જેક્શન માર્યે રાખે છે. અને ભક્તો ઝૂમી ઝૂમીને તાળીઓ પાડે છે. જેથી ભક્તોનું ધ્યાન ભટકે છે અને સરકારના કોઈ ગુણદોષ દેખાતા નથી અને અધૂરામાં પૂરો મતોથી ઝોળી પણ છલકાઈ જાય છે. નહીંતર કોઈક તો એવું હોત કે જે સરકારને સવાલ કરત કે જ્યારે ઓઈલ ૧૧૩ ડોલર પ્રતિ બેરલ હતું ત્યારે કેમ ૭૦ રૂપિયાની અંદર પેટ્રોલ મળતું હતું અને છેલ્લે જ્યારે ઓઈલ ૭૦ ડોલર પ્રતિ બેરલ હતું ત્યારે કેમ ૯૫ રૂપિયા લિટર પેટ્રોલ વેચાતું હતું?

આવા તો અનેક સવાલો જ્યારે પ્રજાના જનમાનસમાં ઘૂમી રહ્યા છે ત્યારે દેશના મુખ્ય ન્યાયાધીશે યુવાનો મુદ્દે જે ટિપ્પણી કરી અને ત્યારબાદ કોઈ યુવાએ કોકરોચ જનતા પાર્ટીની રચના કરી ત્યારે ઘણાયને ગતકડુ લાગ્યું હશે. પરંતુ જ્યારે આ પાર્ટીના બે કરોડથી વધુ ફોલોઅર્સ થઈ ગયા અને રાતોરાત લાખો સભ્યો બની ગયા ત્યારે આ કોઈ સામાન્ય બાબત નથી પરંતુ દેશમાં આવનારી આંધી પહેલાની આહટ જેવું જણાઈ રહ્યું છે.

સોશિયલ મીડિયાના આજના યુગમાં ચીહઢની બોલબાલા છે. નેપાળથી માંડીને નોર્વે સુધી આ જનરેશનનો જલ્વો દેખાઈ રહ્યો છે ત્યારે છેલ્લા કેટલાયે વર્ષોથી અસહ્ય મોંઘવારી અને બેરોજગારીથી પીડાઈ રહેલા કરોડો નાગરિકો કોઈ આશાનું કિરણ શોધી રહ્યા છે. જેનો પુરાવો કોકરોચ જનતા પાર્ટીને તાત્કાલિક મળેલી જબરદસ્ત સફળતા છે. ઘણાયને ભલે આમાં મજાક કે કટાક્ષનું તત્વ દેખાતું હોય પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી જે રીતે મોંઘવારી ફાટીને ધુમાડે ગઈ છે અને બેરોજગારી, છટણી તથા દરેક ધંધા-વેપારમાં મંદી વિગેરેથી દેશના કરોડો લોકો માટે સામાન્ય જીવન જીવવું પણ મુશ્કેલ પડી રહ્યું છે ત્યારે સરકાર પ્રજાહિતમાં યોગ્ય પગલા ભરે એ જ ઈચ્છનીય છે.

### ગુજરેરાએ ખાઈબદેલા બિલ્ડરોને ચેતવણીરૂપ આપ્યો ચુકાદો

# સમયસર ફલેટનો કબજો નહીં આપનારા બિલ્ડરને રૂપિયા ૪૦ લાખ ૯% ના વ્યાજ સાથે ગ્રાહકને પરત કરવાનો ગુજરેરાએ આપ્યો આદેશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત રાજ્ય રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) જે રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોના હિતોનું રક્ષણ કરે છે. એના દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. વડોદરા ના સેવાસી વિસ્તારમાં આવેલા "પ્રિયા ક્રોસ રોડેસ" પ્રોજેક્ટના બિલ્ડરે સમયસર ફ્લેટ નો કબજનો ન આપતા રેરાએ ગ્રાહકના પક્ષમાં નિર્ણય આપ્યો છે. રેરા ઓથોરીટીના સભ્ય ડો.એમ.ડી.મોડિયાની કોરમ સમક્ષ ચાલેલી સુનાવણીમાં પ્રોજેક્ટના પ્રમોટર મેસર્સ શિરીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ગ્રાહકને રૂપિયા ૪૦ લાખની સંપૂર્ણ રકમ વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે પરત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

આ કેસની વિગત મુજબ ફરિયાદી રેશમા કનૈયાલાલ અશનાની એ સેવાસી ગામના ટી.પી સ્કીમ નંબર-૩ ખાતે આવેલી "પ્રિયા ક્રોસ રોડેસ" સ્કીમમાં ફ્લેટ નંબર ૠ-૬૦૪ રૂપિયા ૪૦ લાખમાં બુક કરાવ્યો હતો. તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ રજિસ્ટર્ડ વેચાણ કરાર કરવામાં આવ્યો હતો. ફરિયાદી એ રૂપિયા ૫ લાખ ચેક મારફતે અને બાકીના રૂપિયા ૩૫ લાખ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની હાઉસિંગ લોનથી ચૂકવ્યા હતા. કરાર મુજબ બિલ્ડરે ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ફ્લેટનો કબજો આપવાનો હતો પરંતુ બિલ્ડર સમયસર BU પરમિશન મેળવી શક્યા ન હોતા. અંતે વડોદરા મહાનગરપાલિકાએ ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ BU પરમિશન આપ્યું હતું. લાંબા વિલંબ અને બાંધકામની ગુણવત્તાના પ્રશ્નોને કારણે ગ્રાહકે રેરા એક્ટની કલમ-૧૮(૧) હેઠળ રિફંડ માટે અરજી કરી હતી. કેસમાં બેંક લોન જોડાયેલી હોવાથી વિશેષ આદેશ આપ્યો છે કે બિલ્ડરે ૪૫ દિવસમાં રૂપિયા ૪૦ લાખ અને તેના પરનું ૯ ટકા વ્યાજ સીધું ફરિયાદીના SBI હાઉસિંગ લોન ખાતામાં જમા કરાવવું પડશે. બેંકને પણ સૂચના આપવામાં આવી છે કે, લોનની બાકી રકમ સમાયોજિત કર્યા બાદ વધતી રકમ ફરિયાદીને પરત કરવી. ગુજરેરાના આ નિર્ણયથી સ્પષ્ટ થયું છે કે, ગ્રાહકો પાસેથી રૂપિયા લઈને સમયસર ફ્લેટનો કબજો ન આપનાર બિલ્ડરો હવે કરારની શરતોના બહાને ડિપોઝિટ જપ્ત કરી શકશે નહીં. રેરાના આ કડક વલણથી ઘર ખરીદદારોનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.આને કહેવાય "જાગો ગ્રાહક જાગો" આ છે ગ્રાહકની જાગૃતિ.

# હિંમતનગર-વિજાપુર રોડ પર નવાનગર પાટીયા નજીક રૂ.૫ લાખથી વધુના મુદ્દામાલ સાથે વિદેશી દારૂ ઝડપી લેતી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ એકશન મોડમાં આવી ગયા હોય તેમ જયારથી જિલ્લામાં બદલીથી આવ્યા છે ત્યારથી બુટલેગરોની ઉંઘ હરામ કરી નાંખી છે, જિલ્લાના ટ્રાયબલ વિસ્તાર વિજયનગર તાલુકાના ચિતરીયા ગામે પેટા ચુંટણી હોવાથી તેમજ વિજયનગર તાલુકો રાજસ્થાન બોર્ડરને અડીને આવેલ હોવાથી જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવા માટે જિલ્લામાં ઠેર ઠેર નાકાબંધી કરવાના પોલીસને આપેલા સુચનોને લઈ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ડી સી સાકરીયા સહિતની ટીમ નાકાબંધીમાં હતી. તે દરમિયાન હે.કો. નિરીલકુમાર ને ખાનગી બાતમી મળી હતી જે બાતમી આધારે આજે રવિવારે સવારે એક સફેદ કલરની નંબરપ્લેટ વગરની સેલેરીયો કાર હિંમતનગર- વિજાપુર રોડ ઉપર પુર ઝડપે પસાર થઈ રહી હતી, ત્યારે કારનો પીછો કરી નવાનગર પાટીયા નજીક કારને રોકી તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂ સહિત બીયરની બોટલો નંગ-૧૧૧૬ કિં. રૂા. ૨,૭૧,૫૩૬, મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૧૦ હજાર, સેલેરીયો કાર કિં.રૂ. ૩ લાખ મળી કુલ ૫,૮૧,૫૩૬ ના મુદ્દામાલ સાથે આરોપી બુટલેગરને ઝડપી લીધો હતો. આરોપીને ઝડપી લઈ પુછપરછ કરતા તેણે પોતાનુ નામ રાકેશ ઉર્ફે રફતાર શંભુભાઈ સોમાભાઈ હોથા રહે. અણસોલ તા.શામળાજી ભિલોડા હોવાનુ જણાવ્યુ હતું. પોલીસે કડકાઈથી પુછપરછ કરતા આ વિદેશી દારૂ રાજસ્થાન વિછીંવાડાના કનૈયાલાલ ઉર્ફે કનુ એ મોકલ્યો હોવાનુ જણાવ્યુ હતું. આરોપી શખ્સે આ દારૂ માણસા તરફ લઈ જવાનો હોવાનુ જણાવતા પોલીસે દારૂ મોકલનાર અને લેનાર બંને ફરાર શખ્સોને ઝડપી લેવાના ચક્રોગતિમાન કર્યા છે.





### પોલીસ કર્મીઓની બદલીની ભલામણો છેલ્લા ૩-૪ મહિનાથી ડીજી કચેરીમાં બદલીની રાહ જોઈ બેઠી છે

# ગૃહ વિભાગની ભલામણો હોવા છતાં પોલીસ કર્મીઓની બદલીઓ પોલીસ વિભાગ દ્વારા કેમ કરવામાં આવતી નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના દરેક સરકારી વિભાગોમાં વિભાગ દ્વારા અવાર નવાર નિયમો અનુસાર બદલીઓ થતી હોય છે. હમણાં નજીકના સમયગાળામાં જ કેટલાક આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની સરકાર દ્વારા બદલીઓ કરવામાં આવી હતી. ત્યારે સરકારના એક વિભાગ કે જે ગૃહ વિભાગમાં વિભાગની ભલામણો હોવા છતાં પોલીસ કર્મીઓની પોલીસ વિભાગ દ્વારા બદલીઓ કરવામાં ન આવતા પોલીસ કર્મીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. નવાઈની વાત તો એ છે કે જે પોલીસ કર્મીઓની બદલીની જવાબદારી છે તેવા પોલીસ મહાનિરીક્ષક મીડીયાને મળવાનુ ટાળી દેતા કેટલીક શંકાઓ ઉદભવી રહી છે. આ અંગે રાજયના પોલીસવડા પણ કહી ચુકયા છે કે બદલીઓનો નિર્ણય કમિટીમાં લેવાય છે. કમિટી કયારે બેસાડવામાં આવે છે તે અંગેના સવાલના જવાબમાં પોલીસવડાશ્રીએ કહ્યુ હતુ કે કમિટી કયારે બેસાડવી તે પોલીસ મહાનિરીક્ષક એડમીન દ્વારા નકકી કરવામાં આવતુ હોય છે.

સરકારના સામાન્ય વહિવટી વિભાગના નિયમો અનુસાર કોઈપણ કર્મચારી કે અધિકારીને ૩ વરસથી વધુ સમયગાળો થયો હોય તો તેની બદલી કરવી જોઈએ પરંતુ અહીંયા તો ૩ વરસથી વધુનો સમયગાળો થવા છતાંય અને તેમાંય ગૃહ વિભાગના અભિપ્રાય આધારે બદલી કરવાની હોય તેમ છતાં પોલીસકર્મીઓની બદલીઓ કરવામાં ન આવતા પોલીસકર્મીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૃહ વિભાગ એવા પોલીસ કર્મીઓની ભલામણો છે કે જે ગંભીર રોગ થી પીડાતા પરીવારજનો તેમજ સામાજિક કારણોસરથી પીડાતા પોલીસકર્મીઓની ભલામણો ગૃહ વિભાગ દ્વારા થયેલી છે. ત્યારે રાજયના પોલીસવડા દ્વારા માનવીય અભિગમ અપનાવી આ પોલીસકર્મીઓની બદલીઓ કરવામાં આવે તેવી પોલીસ કર્મીઓના પરીવારજનોની માંગ ઉઠવા પામી છે. એક પોલીસ કર્મીએ તો સીવીલ હોસ્પીટલનુ મેડીકલ સર્ટી, પુરાવા તરીકે રજુ કરેલ હોવા છતાં બદલી ધ્યાને લેવામાં આવતી નથી, ત્યારે માનવતાના ધોરણે બદલી માંગનાર પોલીસ કર્મચારીઓની રજુઆતો ધ્યાને લેવામાં આવે તેવી પોલીસ કર્મીઓના પરીવારજનોની માંગ ઉઠવા પામી છે.



# અમરેલી જિલ્લામાં બબ્બે સાંસદો હોવા છતાં લાઠી પાસે એક શબવાહિની પણ નહીઃ અકસ્માતમાં ૩ ના મોત બાદ મૃતદેહો ટ્રેકટરમાં લઈ જવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લાના લાઠી નજીક ગઈ કાલે એક ખાનગી બસ અને કાર વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ૩ મુસાફરોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા. આ ગોઝારી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માતની આ દુઃખદ ઘટના બાદ સ્થાનિક વહિવટી તંત્ર અને રાજકીય નેતાઓની બેદરકારી જોવા મળી હતી. ૩ લોકોના મોત થયા બાદ ઘટનાસ્થળે મૃતદેહોને હોસ્પિટલ પહોચાડવા માટે લાઠી માં કોઈ શબવાહિની ઉપલબ્ધ ન હતી, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

મળતી માહિતી અનુસાર અકસ્માતમાં ૩ લોકોના મોત થયા બાદ ઘટનાસ્થળે મૃતદેહોને હોસ્પિટલ પહોચાડવા માટે લાઠી માં કોઈ શબવાહિની ઉપલબ્ધ ન હતી, અંતે ભારે લાચારી વચ્ચે ત્રણેય મૃતદેહોને એક ટ્રેકટર પાછળ ટ્રોલીમાં મુકીને લઈ જવાની ફરજ પડી હતી. આ હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવતા જ સ્થાનિકોમાં ગુસ્સો ફાટી નિકળ્યો હતો અને લોકોએ વહિવટી તંત્રની નકામી વ્યવસ્થા સામે આક્રોશ વ્યકત કર્યો હતો. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે અમરેલી જિલ્લામાં બબ્બે સાંસદો હોવા છતાં લાઠી જેવા વિસ્તારમાં એક શબવાહિની સુધીની સુવિધા નથી, આ એ જ લાઠી પંથક છે જે રાજયને સૌથી વધુ કરોડપતિ ઉદ્યોગપતિઓ આપે છે. ડીઝીટલ ઈન્ડીયા અને વિકાસની મોટી મોટી વાતો વચ્ચે આ વિસ્તારના રાજનેતાઓ અને ઉદ્યોગપતિઓ લાઠી ને એક શબવાહિની પણ આપી શકયા નથી તે અત્યંત શરમજનક બાબત છે,

રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરત સુતરીયા અને સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયા જેવા દિગ્ગજો સત્તા પર હોવા છતાં લાઠીની જનતાને આવી કપરી સ્થિતિમાં અમાનવીય પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ઘટના બાદ લાઠી પંથકના લોકો દ્વારા સોશીયલ મીડીયા અને સ્થાનિક સ્તરે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. સ્થાનિકોએ એકસુરે વહિવટી તંત્ર અને રાજકીય પદાધિકારીઓને વિનંતીસહ ચેતવણી આપી હતી કે લાઠીને તાત્કાલીક ધોરણે સુવિધા સજજ શબવાહિની ફાળવવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ પરીવારના સ્વજનના મૃતદેહની આ પ્રકારે અવદશા ન થાય.



# ડીઝલની ભારે અછતથી મીઠાના ઉદ્યોગને ફટકોઃ લાખો લોકોની રોજીરોટી પર લટકતી તલવાર

### એક દિવસ કલાકો લાઈનમાં ઉભા રહી ટ્રકોમાં ડીઝલ પુરાવાય છે : બીજા દિવસે મીઠાનુ પરીવહન કરાય છે : કચ્છમાં મીઠાના ૭૦ થી ૭૫ હજાર ટનની સામે હાલ માંડ ૩૦ હજાર ટનનુ પરીવહન

પ્રતિનિધિ,ગાંધીનગર

સીરામીક, ટેક્ષટાઈલ, કેમીકલ, પ્લાસ્ટીક, હોટેલ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ બાદ હવે ઈંધણની કટોકટી હજારો અગરીયાઓની મહેનત અને મીઠા ઉદ્યોગને પણ લુણો લગાડી રહી છે. કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, પાટણ જિલ્લાના અગરોમાં લાખો ટન પકવેલુ મીઠુ તૈયાર છે, પરંતુ ડીઝલની અછતના લીધે અગરોમાંથી માંડ ૫૦ ટકા મીઠાનુ પરીવહન થઈ રહ્યુ છે.

જેથી મીઠા ઉદ્યોગને ૨૫૦ કરોડનો ફટકો તેમજ ૫૦ હજાર થી ૧ લાખ લોકોની રોજીરોટી પર સંકટ તોળાઈ રહ્યુ છે. એક બાજુ કચ્છના નાના રણ, સાંતલપુર, રાધનપુર, માળીયા, ખારાઘોડા, આડેસર, ધ્રાંગધ્રા, હળવદ ના ગામોમાં લાખો ટન પકવાયેલુ મીઠુ તૈયાર પડયુ છે. પરંતુ ડીઝલની અછતને લીધે રોડ રસ્તા પર દોડતા ટ્રાન્સપોર્ટના વાહનોની સંખ્યા લગભગ અડધી થઈ ગઈ છે. જેના લીધે મીઠાનુ પરીવહન ઘટીને ૫૦ ટકા થઈ ગયુ છે. માત્ર કચ્છમાં જ વરસે ૬૦ લાખ ટન મીઠાનુ ઉત્પાદન થતુ હોય છે. ત્યારે મીઠાનો જથ્થો પડયો રહેતા અગરીયા બીજુ વધારાનુ મીઠુ પકવી શકતા નથી, ઉપરાંત આગામી દિવસોમાં સ્થિતિ સુધરે નહી તો પહેલા વરસાદમાં જ લાખો ટન મીઠુ ધોવાઈ જશે.

સમયસર કારખાના સુધી મીઠુ નહી પહોચે તો મીઠાના ઉદ્યોગને આશરે ૨૫૦ કરોડનો ફટકો પડી શકે છે. તેમજ ૮ મહિનાથી મીઠુ પકવતા રાજયના ૧૫ હજાર અગરીયાઓના પરીવાર સહિત ૫૦ હજારથી ૧ લાખ લોકોની રોજી રોટી જોખમમાં મુકાઈ ગઈ છે. તો બીજી તરફ કેટલીક જગ્યાએ વગદારો દ્વારા વધારે પૈસા ચુકવી ડીઝલનો જથ્થો ખરીદી લેવાતો હોવાથી નાના અગરીયાઓની હાલાકી વધી રહી છે. કચ્છના નાના રણ સહિત આસપાસના વિસ્તારથી સામાન્ય રીતે રોજે રોજ ૭૦ થી ૭૫ હજાર ટન મીઠાનુ પરીવહન થતુ હોય છે, ત્યારે સુત્રોના જણાવ્યા અનુસાર હાલ માત્ર ૫૦ ટકા એટલે કે ૩૦ થી ૩૫ હજાર ટન મીઠાનુ પરીવહન થઈ રહ્યુ છે. પહેલા વરસાદ સુધી આ સ્થિતિ યથાવત રહી તો લાખો ટન મીઠુ ધોવાઈ જશે અને એક અગરીયા પરીવારને ૫૦ હજારથી વધુ નુ નુકશાન થવાનુ જોખમ છે. કચ્છમાં જ આવા ૧૦ હજાર અગરીયા પરીવાર છે. મોરબીના માળીયા સહિત આસપાસના વિસ્તારમાંથી પણ મીઠાના પરીવહનને માઠી અસર પડી છે. મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા સુત્રોના કહેવા પ્રમાણે એક દિવસ ટ્રકો લાઈનમાં ઉભા રાખીને વાહનમાં ડીઝલ પુરાવાય છે. કલાકો ઉભા રહ્યા બાદ માંડ ૫૦ લીટર જેટલુ ડીઝલ મળે છે. જેના કારણે બીજા દિવસે પકવેલા મીઠાનો જથ્થો આસપાસના કારખાનામાં પહોચાડવામાં આવે છે. ઉપરાંત ટ્રાન્સપોર્ટના વાહનોનુ ભાડુ પણ ૨૦ થી ૨૫ ટકા જેટલુ વધી ગયુ છે.




# આણંદ જિલ્લા પંચાયતમાં છેલ્લી ઘડીએ દાવ થઈ ગયોઃ જિલ્લા પંચાયતમાં ભાજપના ઉમેદવાર પાસેથી સત્તા સરકીને કોંગ્રેસ પાસે ગઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદની ચુંટણીને લઈને મોટો રાજકીય વળાંક આવ્યો હતો. ભાજપના ઉમેદવારનુ ઉમેદવારી ફોર્મ રદ થતા કોંગ્રેસ માટે જીતનો રસ્તો સાફ થયો હતો. ફોર્મ ચકાસણી દરમિયાન જાતિ પ્રમાણપત્ર મુદ્દે વિવાદ ઉભો થયો હતો. ત્યારબાદ કોંગ્રેસના ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ પદ માટે ભાજપના ઉમેદવાર મયુરી પટેલ દ્વારા મહારાષ્ટ્ર સરકારનુ અનામત જાતિ પ્રમાણપત્ર રજુ કરવામાં આવ્યુ હતું. ફોર્મ ચકાસણી દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીએ બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળી હતી. ત્યારબાદ ગુજરાત સરકારના નિયમો મુજબ અન્ય રાજયોનુ અનામત જાતિ પ્રમાણપત્ર માન્ય ન ગણાતા ભાજપના ઉમેદવારનુ ફોર્મ રદ કરવામાં આવ્યુ હતું. તો બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેન તડવીનુ ફોર્મ માન્ય રાખવામાં આવતા કોંગ્રેસના ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ભાજપના ઉમેદવારનુ ફોર્મ રદ થતા કોંગ્રેસની છાવણીમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો અને કાર્યકરોમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે અનુસુચિત જનજાતિ અનામત બેઠક છે. જિલ્લા પંચાયતમાં ૪૦ બેઠકો પૈકી ૩૩ બેઠકો પર ભાજપના ઉમેદવાર અને ૭ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારો વિજેતા થયા હતા. જેથી ભાજપે બહુમતી મેળવી હતી. પરંતુ જિલ્લા પંચાયતની હાડગુડ અનુસુચિત જનજાતિ બેઠક પર કોંગ્રેસના ગૌરીબેન તડવી ચુંટાઈ આવતા જિલ્લા પંચાયતમાં બહુમતી ભાજપની જયારે પ્રમુખ કોંગ્રેસ ના ચુંટાય તેમ હતા. ત્યારે ભાજપે સારસાની જનરલ બેઠક પરથી વિજેતા અનુસુચિત જાતિના ઉમેદવાર મયુરીબેન પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. આ વિશે ડીડીઓ દેવાહુતીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મયુરીબેન મુળ મહારાષ્ટ્રના આદિવાસી છે અને તેઓએ પટેલ જ્ઞાતિમાં લગ્ન કર્યા છે. જેથી તેઓ મહારાષ્ટ્રથી સ્થળાંતર કરી ગુજરાતમાં આવ્યા હોય તેઓનુ મહારાષ્ટ્રનુ જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠેરવ્યુ હતું, અને જેના આધારે ભાજપના મયુરીબેનનુ ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યુ હતું.




# ગાંધીનગર પોલીસ લાઈનમાં આવાસ કૌભાંડ : ૧૦૬૧ જવાનો રાહ જોઈ રહ્યા છેઃ નિવૃત્ત કર્મચારીઓએ જમાવ્યો છે અડીંગો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસ જવાનો પોતે જ હવે આવાસ ની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગાંધીનગર પોલીસ લાઈનમાં કાયદેસર રીતે સરકારી આવાસ મેળવવા માટે ૧૦૬૧ જેટલા પોલીસ કર્મચારીઓ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. તો બીજી તરફ અનેક સરકાર ફલેટો પર નિવૃત્ત અથવા બદલી પામેલા કર્મચારીઓએ અનધિકૃત રીતે કબ્જા જમાવી રાખ્યો હોવાનુ બહાર આવ્યુ છે. સરકારી નિયમો મુજબ કોઈપણ પોલીસ કર્મચારીની બદલી થાય અથવા નિવૃત્તિ બાદ ૩ મહિનાની અંદર સરકારી આવાસ ખાલી કરવુ ફરજીયાત છે. તેમ છતાં ગાંધીનગર ના વિવિધ સેકટરોમાં આવેલા પોલીસ આવાસો માં ઘણા પરીવારો હજુ પણ ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો પોલીસ કર્મચારીઓ પાસે ગાંધીનગરમાં પોતાના ખાનગી ફલેટ હોવા છતાં તેઓ સરકારી આવાસ ખાલી કરી રહ્યા નથી, આ પરિસ્થિતિને કારણે હાલ ફરજ બજાવતા કોન્સ્ટેબલો અને સબ- ઈન્સ્પેકટરોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. પાત્રતા હોવા છતાં સરકારી આવાસ ન મળતાં અનેક જવાનોને ખાનગી મકાનોમાં મોંઘુ ભાડુ ચુકવી રહેવુ પડી રહ્યુ છે. પોલીસ હેડ કવાર્ટરમાં છેલ્લા કેટલાક વરસોથી આવાસોની યોગ્ય ચકાસણી ન થતા હાલની સ્થિતિ વધુ ગંભીર બની હોવાનુ કહેવાઈ રહ્યુ છે.

ગાંધીનગર પોલીસ વિભાગના આવાસના આંકડા મુજબ હાલ ૧૦૬૧ પોલીસ જવાનો આવાસ ફાળવણીની રાહ જોઈ રહ્યા છે. રહેઠાણની અછત હવે ગંભીર સ્તરે પહોચી છે. જેના કારણે નવા ભરતી થયેલા અને બદલી થઈને આવેલા જવાનોને ભારે મુશ્કેલી પડી રહી છે. પોલીસ બેડામાં એવુ ચર્ચાઈ રહ્યુ છે કે નિયમો હોવા છતાં ગેરકાયદે રીતે સરકારી આવાસોમાં રહેતા લોકો સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી, હવે નજર પોલીસવડા દ્વારા આ મામલે કડક ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે કે નહી તેના પર નજર છે. ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસ જવાનો પોતે જ હવે આવાસની સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

